

જય યોગીશ્વર દત દયાળ તું જ એક જગમાં પ્રતિપાળ,



અત્ર્યનસૂયા કરી નિમિત, પ્રગટયો જગકારણ નિશ્ચિત



બ્રહ્માહરિહરનો અવતાર શરણાગતનો તારણહાર



અંતર્યામી સત્ ચિત્ સુખ,
બહાર સદ્‌ગુરુ દ્વિભુજ સુમુખ.



ઝોળી અન્નપૂર્ણા કર માહ્ય,
શાન્તિ કમંડલે કર સોહાય,



કયાંય ચતુર્ભુજ ષડ્ભુજ સાર,
અનંત બાહુ તું નિર્ધાર.



આવ્યો શરણે બાળ અજાણ,
ઊઠ દિગંબર ચાલ્યા પ્રાણ!



સૂણી અર્જુન કેરો સાદ,
રીઝ્યો પૂર્વે તું સાક્ષાત;




દીધી ઋદ્ધિ સિદ્ધિ અપાર,




અંતે મુક્તિ મહાપદ સાર.
કીધો આજે કેમ વિલંબ ? તુજ વિણ મુજને ના આલંબ



વિષ્ણુશર્મ દ્વિજ તાર્યો એમ, જમ્યો શ્રાદ્ધમાં દેખી પ્રેમ,



જંભદૈત્યથી ત્રાસ્યા દેવ, કીધી મ્હેર તેં ત્યાં તતખેવ,
વિસ્તારી માયા દિતિસુત, ઇદ્રકરે હણાવ્યો તૂર્ત.
એવી લીલા કંઇ કંઇ શર્વ કીધી વર્ણવે કો તે સર્વ?



દોડ્યો આયુ સુતને કામ,



કીધો એને તે નિષ્કામ,



બોધ્યા યદુ ને



પરશુરામ



સાદ્યદેવ



પ્રહ્લાદ અકામ



એવી તારી કૃપા અગાધ! કેમ સુણેના મારો સાદ
દોડ ,અંતના દેખ અનંત! મા કર અધવચ શિશુનો અંત!!




જોઇ દ્વિજસ્ત્રી કેરો સ્નેહ,
થયો પુત્ર તું નિઃસંદેહ.



સ્મર્તૃગામી કલિતાર કૃપાળ!
તાર્યો ધોબી છેક ગમાર



પેટ પીડથી તાર્યો વિપ્ર,



બ્રાહ્મણ શેઠ ઉગાર્યો ક્ષિપ્ર.



કરે કેમ ના મારી વ્હાર? જો આણીગમ એક જ વાર!!
શુષ્ક કાષ્ઠને આણ્યાં પત્ર ! થયો કેમ ઉદાસીન અત્ર?



જર્જર વંધ્યા કેરાં સ્વપ્ન
કર્યાં સફળ તેં સૂતનાં કૃત્સ્ન



કરી દૂર બ્રાહ્મણ નો કોઢ,
કીધા પૂરણ એના કોડ.



વંધ્યા ભેંસ દુઝવી દેવ,
હર્યું દારિદ્રય તેં તતખેવ



ઝાલર ખાઇ રીઝયો એમ,
દીધો સુવર્ણઘટ સપ્રેમ.



બ્રાહ્મણ સ્ત્રીનો મૃત ભરથાર,
કીધો સજીવન તેં નિર્ધાર




પિશાચ-પીડા કીધી દૂર,
વિપ્રપુત્ર ઉઠાડ્યો શૂર.



હરી વિપ્રમદ અંત્યજ હાથ, રક્ષ્યો ભક્ત ત્રિવિક્રમ તાત



નિમેષમાત્રે તંતુકએક,
પ્હોંચાડયો શ્રીશૈલે દેખ.



એકી સાથે આઠ સ્વરૂપ
ધરી દેવ બહુરૂપ અરૂપ



સંતોષ્યા નિજ ભકત સુજાત,
આપી પરચાઓ સાક્ષાત્,



યવનરાજની ટાળી પીડ,
જાતપાતની તને ન ચીડ,



રામકૃષ્ણરૂપે તેં એમ,
કીધી લીલાઓ કંઇ તેમ,




તારા પથ્થર




ગણિકા વ્યાધ



પશુ પંખી પણ તુજને સાદ્ય




અદ્યમઓદ્યારણ તારું નામ, ગાતાં સરે ન શાં શાં કામ?
આદ્યિ વ્યાદ્યિ ઉપાદ્યિ સર્વ, ટળે સ્મરણમાત્રથી શર્વ
મૂઠચોટ ના લાગે જાણ, પામે નર સ્મરણે નિર્વાણ
ડાકણ શાકણ બૈસાસુર, ભૂત પિશાચો જંદ અસુર
નાસે મૂઠી દઇને દૂર્ત, દત્તદૂત સાંભળતાં મૂર્ત.




૬૨/૪૩/૪૪/૪૫/૪૬

૬ઠ્ઠી ધૂપ ગાયે જે જોમ દલાદળી આ સપ્રેમ
ગુરૂદે તેલા બંને તૌ રહે ત તેને ઉપાંગે શૌ
દાખી સિદ્ધિ તેની થાય, દુઃખ દારિદ્રય તેનાં જાય
બાદલા ગુરૂધારે સિદ્ધ જોગ, કરે પાઠ બાદલા સપ્રેમ
સવાકરોડી સિદ્ધ સિદ્ધમ, તેને કદી ત ઈડે યમ



અનેક રૂપે એ જ અભંગ, ભજતાં નડે ન માયા-રંગ
સહસ્ર નામે નામી એક, દત દિગંબર અસંગ છેક



વંદું તુજને વારંવાર, વેદ શ્વાસ તારા નિર્ધાર!
થાકે વર્ણવતાં જ્યાં શેષ, કોણ રાંક હું બહુકૃતવેષ?
અનુભવ વૃષ્ટિનો ઉદ્‌ગાર, સૂણી હસે તે ખાશે માર!
તપસી તત્વમસિ એ દેવ, બોલો જય જય શ્રીગુરુદેવ!